અભ્યાસ

# ગાંધીજીના જીવનમાંથી સંસ્કૃતિબોધ

ભદ્રાયુ વછરાજાની

જ્યારે 'ગાંધીજી : એક શાશ્વત વિચાર'ની સામે વિપથગામી પરિબળો સતત જુદી જ વાતો કરવા બહાર આવી પડ્યાં છે અને સંગઠિત થઈને એક પરમ સત્યને ઢાંકવાના પ્રયાસો કરે છે ત્યારે 'ગાંધીજીના જીવનમાંથી સંસ્કૃતિબોધ' તેવા વિષય અંગેની ચર્ચા કરવી કે અભ્યાસ કરવો એ અતિ પાવન ઘટના છે.

આપણે 'ગાંધીજીના જીવનમાં સંસ્કૃતિબોધ' એવા વિષય પર વિચાર કરીએ તે પહેલાં આપણે સંસ્કૃતિ અને તેની પ્રવાહિતા વિષે ટૂંકમાં થોડું જાણવું જરૂરી છે.

આપણે વિચારીએ કે આપણા હિન્દુસ્તાનમાં વર્ષોથી જે જ્ઞાનને સ્વીકૃત ગણવામાં આવ્યું છે, એને કેટલાક આધારોથી સ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે. દા.ત. વર્ષો સુધી એવું ચાલ્યું કે જે 'શાસ્ત્રપ્રામાણ્ય જીવન' છે એ માન્ય છે, એટલે કે 'શાસ્ત્રોમાં દર્શાવેલું છે તે આપણી સંસ્કૃતિ છે' એવું સ્વીકારીને જીવન જીવતા રહ્યા. એક ગાળો હતો કે જ્યારે શાસ્ત્રપ્રામાણ્ય જીવન એ સાર્થક ગણાતું. ધીમે ધીમે કરતાં જેમ જેમ માનવીય બુદ્ધિનો વિકાસ થતો ગયો તેમ એને પ્રશ્નો થતા ગયા અને પ્રશ્નો એવા થયા કે જે શાસ્ત્રોને આપણે પ્રમાણ ગણીએ છીએ એ શાસ્ત્રો ઉપર અત્યારે જુદું વિચારવું જોઈએ કે નહીં અને એમાંથી એક બીજા પ્રકારનો પ્રવાહ શરૂ થયો જેને બુદ્ધિપ્રામાણ્ય જીવન કહેવામાં આવ્યું. શાસ્ત્રો ખરાં, પણ જેમાં બુદ્ધિ પ્રમાણ આપે કે, 'હા, આ બરાબર' તો તેને માન્ય ગણવું. આથી શાસ્ત્રપ્રામાણ્ય અને બુદ્ધિપ્રામાણ્ય જીવન- રીતિમાં ૧૮૧૫માં રાજા રામમોહન રાયે વેદાંતસારના અનુવાદની પ્રસ્તાવનામાં લખ્યું કે, 'શાસ્ત્ર અને બુદ્ધિ બંનેએ નક્કી કરેલા માર્ગે ચાલવાનો સર્વથા પ્રયાસ કરીએ તો તે ઉચિત છે.' એટલે કે એમણે શાસ્ત્રને પણ સ્વીકાર્યું અને બુદ્ધિને પણ સ્વીકારી. બંનેએ નક્કી કરેલા શાસ્ત્ર અને બુદ્ધિપ્રામાણ્ય માર્ગ ઉપર ચાલીએ તો એ ઉચિત ગણાશે. રામમોહન રાય પછી આવ્યા કેશવચંદ્ર. કેશવચંદ્ર સાવ અલગ પડ્યા. એમણે એમ કહ્યું કે, કેવળ બુદ્ધિપ્રામાણ્ય પણ પર્યાપ્ત નથી. બદલાતા સમય સાથે જ્ઞાનની જોડાજોડ વિજ્ઞાન ચાલે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ એક અધ્યાયને 'જ્ઞાનવિજ્ઞાન યોગ' શીર્ષક આપ્યું છે, એટલે કે વિશિષ્ટ જ્ઞાનના આધારે કામ થવું જોઈએ એટલે કેશવચંદ્રના સમયથી કેવળ બુદ્ધિપ્રામાણ્યનો સ્વીકાર ન થયો, પરંતુ વિજ્ઞાનપ્રામાણ્ય હોય

એ પણ જરૂરી ગણાવા લાગ્યું. અહીં ગાંધીજીનાં વચનો આપણને યાદ આવે. ગાંધીજીએ કહ્યું કે, 'જો મારા ધર્મમતને લઈને વિજ્ઞાન નાશ પામે તેમ હોય તેના કરતાં મેં જીવનભર હૃદયમાં સંગ્રહેલો મારો ધર્મમત નાશ પામે એમ હું ઇચ્છું છું.' ગાંધી તો ઘણાં વર્ષો પછી થયા. પછી એમણે વ્યક્ત કરેલો આ મત એ કેશવચંદ્રના વિજ્ઞાનપ્રામાણ્યની વાતને ટેકો કરનારો છે. આગળ વધીએ તો સ્વામી દયાનંદ સરસ્વતી દ્વારા આર્ય સમાજની સ્થાપના થઈ તે શાસ્ત્રપ્રામાણ્યથી આગળ વેદપ્રામાણ્ય ઉપર જવાનું કહેતો એક પ્રવાહ બન્યો. એમાં ઉમેરાયા શ્રી રામકૃષ્ણ પરમહંસ અને તેના શિષ્યો. શ્રી રામકૃષ્ણદેવે તો બધા ધર્મોની એકતા ઉપર સીધો ભાર મૂક્યો. એમનું આકલન પણ જાણવા જેવું છે : 'બધા માણસો ધર્મના નામે ઝઘડતા જોવામાં આવે છે. હિન્દુ, મુસલમાન, બ્રાહ્મણો, શાક્તો, વૈષ્ણવો, શૈવો બધા જ એકબીજા સાથે ઝઘડે છે. એ લોકો એટલો વિચાર નથી કરતા કે જેને કૃષ્ણ કહે છે, તે જ શિવ પણ છે અને આદ્યશક્તિ પણ તેનું જ નામ છે. ઈસુ અને અલ્લાહ પણ તેનાં જ નામ છે. એક જ રામનાં હજાર નામ છે. વસ્તુ તો એક જ છે, પણ નામ જુદાં જુદાં છે. બધાં એક જ વસ્તુ મેળવવા મથે છે પણ દેશકાળભેદે નામ જુદા વાપરે છે. એક જ તળાવને અનેક ઘાટ છે. એક ઘાટે હિન્દુઓ લોટામાં પાણી ભરે છે અને તેને 'જળ' કહે છે. બીજા ઘાટે મુસલમાનો ચામડાની મશકમાં પાણી ભરે છે અને તેને 'પાની' કહે છે. ત્રીજે ઘાટે ખ્રિસ્તીઓ પાણી ભરે છે અને તેને 'વૉટર' કહે છે. હવે કોઈ એમ કહે કે 'આ વસ્તુ 'પાની' કે 'વૉટર' નથી, પણ જળ છે અથવા 'જળ' કે 'પાની' નથી પણ 'વૉટર' છે તો તે સાચે જ હાસ્યાસ્પદ છે.' આ જ વાત વેદમાં કહેલી છે, 'એકમ સત વિપ્રા બહુધા વદંતી'. શ્રી રાકૃષ્ણદેવે બહુ જ સ્પષ્ટતાથી પોતાનો પાયો મજબૂત કરી દીધો. એમના શિષ્ય સ્વામી વિવેકાનંદ આવ્યા... એમણે કહ્યું કે we believe not only in universal toleration but we accept all religions as true – 'અમે તો બધા જ ધર્મોને સાચા માનીએ છીએ.' ગાંધીજીના પૂર્વગામી હતા સ્વામી વિવેકાનંદ. ગાંધીજીના ધર્માંતરની બાબતમાં એ જ વચનો એમણે પણ કહ્યાં. સ્વામી વિવેકાનંદે કહ્યું કે, 'મારી પાક્કી ખાતરી થઈ ગઈ કે આ ભૂખ્યા માણસો આગળ ધર્મની વાત કરવી મિથ્યા છે. તેમની ગરીબી અને તેમનાં દુઃખો ટાળવાનો પ્રયત્ન પહેલાં કરવો જોઈએ. આને માટે ગરીબ હિન્દના ઉદ્ધાર કરવા વધારે સાધનો મેળવવાં હું અમેરિકા જઈ રહ્યો છું.' એમનો ઉદ્દેશ સ્પષ્ટ હતો, ગરીબ હિન્દનો ઉદ્ધાર. ગરીબો માટે તેઓ કહે છે કે, 'તેઓ આપણી પાસે રોટલો માંગે છે પણ આપણે એમને રોડા આપીએ છીએ. ભૂખે મરતી પ્રજાની આગળ ધર્મની વાત કરવી એ તેનું અપમાન કર્યા બરાબર છે. ભૂખ્યા માણસ આગળ અધ્યાત્મવિદ્યાની વાત કરવી એ તો તેનું બરાબર અપમાન કરવાનો માર્ગ છે.' દરિદ્રનારાયણ શબ્દ આપનાર સ્વામી વિવેકાનંદ કહે છે કે, ખ્રિસ્તી હિંદુ થઈ જાય એવું હું ઇચ્છું છું ? લગારેય નહીં. હિન્દુ કે બૌદ્ધ ખ્રિસ્તી થઈ જાય એવું શું હું ઇચ્છું છું ? લગારે ય નહીં. ખ્રિસ્તીએ હિંદુ કે બૌદ્ધ થવાનું જ નથી. તે જ રીતે હિંદુએ ખ્રિસ્તી કે બૌદ્ધ થવાનું જ નથી પણ દરેક ધર્મએ બીજા ધર્મોની ભાવનાને અપનાવવાની છે અને છતાં પોતાનું વ્યક્તિત્વ સાચવી પોતાની રીતે વિકાસ સાધવાનો છે.' આપણે આ જ વાતને ગાંધીના પરિપ્રેક્ષ્યમાં જોઈશું ત્યારે લાગશે કે, બંનેના વિચારોમાં સામ્યતા કેટલી છે. એક યાદગાર ઘટનાક્રમ નોંધવો જોઈએ, જેથી કરીને આપણને ખ્યાલ આવે કે આ બુદ્ધ પુરુષોના જીવનક્રમમાં એ લોકો એકબીજાથી કેટલા નજદીક છે ?

સાલ ૧૮૯૩ છે અને તેનો એપ્રિલ મહિનો છે કે ત્યારે ગાંધીજી મુંબઈથી નીકળી મે મહિનામાં નાતાલ પહોંચ્યા.

૧૮૯૩ના ૩૧મી મે એ સ્વામી વિવેકાનંદ ૧૧-૦૯ની ધર્મ પરિષદમાં પહોંચવા માટે મુંબઈથી નીકળ્યા.

૧૮૯૩ની ૧૬મી નવેમ્બરે મિસિસ એની બેસન્ટ ભારતના કિનારે ઊતર્યાં.

૧૮૯૩ની સાલ આપણા આખા ધર્મ-અધ્યાત્મ જગતને માટે કેટલી મહત્ત્વની છે તે દર્શાવવા આપણે આ ઘટનાક્રમ તપાસ્યો છે. ૧૮૯૩માં જ એ ગાંધીજી મુંબઈથી નાતાલ જાય છે, સ્વામી વિવેકાનંદ પણ શિકાગો ધર્મ પરિષદ માટે મુંબઈથી જાય છે અને એ જ સમયે મિસિસ એની બેસન્ટ ભારતના કિનારે ઊતરે છે. યાદ રાખવા જેવું એ છે કે, એ સમયે ગાંધીજી ૨૪ વર્ષના હતા, વિવેકાનંદજી ૩૦ વર્ષના હતા અને એની બેસન્ટ ૪૬ વર્ષનાં હતાં. લગભગ લગભગ સમવયસ્કો અથવા સમકાલીનો એકસરખું વિચારીને કેવી રીતે જીવે છે તેનો આ સાદર નમૂનો છે.

મહાત્મા ગાંધી સ્વામી વિવેકાનંદ પછી આવ્યા અને એમના જીવનમાં જે કંઈ તેમણે સારતત્ત્વ પ્રાપ્ત કર્યું હતું તેના આધારે તેનાં કેટલાંક વિધાનો નોંધવા જરૂરી બને છેઃ 'આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ છે' એવું મહાત્મા ગાંધીએ કહ્યું એટલે કે ધર્મને તેઓએ વ્યાખ્યાયિત કર્યો કે તમે નીતિ પાળો પણ આત્માની દૃષ્ટિએ પાળો એ નીતિ તમારો ધર્મ છે. અને સાથે કહ્યું કે, 'જે ધર્મ વ્યવહારમાં ન લાવી શકાય તે ધર્મ જ નથી.' વ્યવહારમાં ઊતરવો જોઈએ તો જ એ ધર્મ છે. ૧૯૪૬ના પહેલી ઑગસ્ટના 'હરિજન'માં તેઓએ નોંધ્યું કે, 'દરેક બાબતમાં સારી રીતે જીવવું એનું નામ મોક્ષ છે. મોક્ષનો અર્થ એથી વિશેષ પણ નથી અને એથી ઓછો પણ નથી.' એટલે મોક્ષ માટે તેઓની પરિપાટી અતિ શુદ્ધ છે. દરેક બાબતમાં સારી રીતે જીવો તો એ મોક્ષ છે. 'સત્યના પ્રયોગો'ની પ્રસ્તાવનામાં એમણે બહુ જ સ્ફટિક સ્પષ્ટતાથી લખ્યું કે, 'મારે જે કરવું છે, જેની હું ૩૦ વર્ષ થયે ઝંખના કરી રહ્યો છું તે તો આત્મદર્શન છે. તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે અને તે જ મોક્ષ છે. મારું ચલનવલન બધું એ જ દૃષ્ટિએ થાય છે.' ધર્મ એટલે નીતિ અને નીતિ એટલે સત્ય + અહિંસાથી ઓતપ્રોત જીવન – આવું મહાત્મા ગાંધીએ આપણને પ્રસ્થાપિત કર્યું.

સંસ્કૃતિબોધને જો કેટલાંક સૂત્રોમાં ઢાળવું હોય તો આ રીતે ઢાળી શકાય.

– જેને આપણે વ્યવહારમાં ન ઉતારી શકીએ તે ધર્મ નથી.

– આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ એ ધર્મ છે.

– ધર્મ એટલે નીતિ એટલે સત્ય + અહિંસાથી ઓતપ્રોત થયેલું જીવન.

રાજકારણના ક્ષેત્રમાં પણ આત્મદર્શનનું કેટલું મહત્ત્વ છે એ મહાત્મા ગાંધીએ કહ્યું,

'ધર્મ વિનાનું રાજકારણ એ મડદું છે. એને તો બાળી જ મૂકવું જોઈએ.

'મારે મન તો ધર્મ વિનાનું રાજકારણ નિર્ભેળ મળ સમાન છે તેનો સદા ત્યાગ જ કરવાનો રહ્યો.'

'અર્થકારણ અને નીતિશાસ્ત્ર વચ્ચે હું કોઈ ભેદ કરતો નથી અને એટલે હું માનું છું કે ગરીબોની સેવા તે ઈશ્વરસેવા, એક કીડીની સેવા તે ઈશ્વરસેવા, દુઃખીની સેવા તે ઈશ્વર-સેવા.'

આત્મકથામાં એમણે સુંદર વાત કરી.

'આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન સધાય.'

'આત્મશુદ્ધિ વિના અહિંસા-ધર્મનું પાલન સર્વથા અસંભવિત છે.'

અને 'અશુદ્ધાત્મા પરમાત્માનાં દર્શન કરવા અસમર્થ છે.'

ગાંધીજીના મતે અવિરત સેવા એ મોક્ષનું સાધન છે. આમ જોઈએ તો ગાંધીજી બેઝિકલી અદ્વૈતવાદી લાગે છે. રાજા રામમોહન રાયની જેમ ગાંધીજી પણ બુદ્ધિપ્રામાણ્ય વધુ લાગે છે. 'મંગળ પ્રભાત' પુસ્તકના પૃષ્ઠ ૭૩ ઉપર તેઓએ નોંધ્યું છે કે, 'અવિરત સેવા એ જ મોક્ષનું સાધન હોય, એમના ધર્મદર્શનમાં વૃત્તિનો ત્યાગ નથી બલ્કે અવિરત અશ્રાંત કર્મ એ જ એનું લક્ષણ છે. ઈશ્વર પોતે ચોવીસે કલાક એકશ્વાસે કામ કર્યા કરે છે. આળસ મરડવા સરખીયે ફુરસદ લેતો નથી. તેના આપણે થઈ જઈએ અને આપણે તેનામાં ભળી જઈએ એટલે આપણો ઉદ્યમ તેના જેવો જ અતંદ્રિત થવો જોઈએ. સમુદ્રથી છૂટા પડેલા બિંદુને સારુ આરામની કલ્પના આપણે કરી શકીએ છીએ પણ સમુદ્રમાં રહેલા બિંદુને આરામ ક્યાંથી હોય ? સમુદ્રને ક્ષણનો પણ આરામ છે જ ક્યાં ? બરાબર એ જ પ્રમાણે આપણું છે. ઈશ્વરરૂપી સમુદ્રમાં આપણે મળી જઈએ એટલે આપણો આરામ ગયો. આરામની જરૂર પણ ગઈ. એ જ ખરો આરામ, એ મહા અશાંતિમાં શાંતિ મળે તે..' 'સત્યની શોધમાં સાધનો કઠણ છે તેટલાં સહેલાં છે. એ અભિમાનીને અશક્ય લાગે અને એક નિર્દોષ બાળકને તદ્દન શક્ય લાગે. સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે પણ સત્યનો પૂજારી રજકણ સુધ્ધાં તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી પણ દુર્લભ છે.' આત્મકથાના શરૂઆતના પાંચમા પૃષ્ઠ ઉપર આટલો સ્પષ્ટ મત ગાંધીએ આપ્યો છે. એમણે નમ્રતાનો ઉલ્લેખ કરતાં કહ્યું, 'નમ્રતા એટલે હું-પણાનો આત્યંતિક ક્ષય. કાંઈ થવું એટલે ઈશ્વરથી, પરમાત્માથી, સત્યથી વિખૂટા થવું. ટળી જવું એટલે પરમાત્મામાં ભળી જવું. સમુદ્રમાં રહેલું બિંદુ સમુદ્રમાં રહેલી મહત્તા ભોગવે છે, પણ તેનું તેને જ્ઞાન નથી. સમુદ્રથી વેગળું થયું અને પોતે પોતાપણાનો દાવો કરવા બેસે એટલે તે જ ક્ષણે સુકાયું સમજો.. 'મંગળ પ્રભાત' નામના તેમના પુસ્તકમાં ૭૧મા અને ૭૨મા પાના ઉપર આપણને સુંદર રજૂઆત જોવા મળે છે. મહાત્મા ગાંધીના જીવનક્રમમાં ભારતીય સંસ્કૃતિ કેવી રીતે આવી હશે એનો એક આછેરો ખ્યાલ આપણે ,મેળવ્યો.

ગાંધીજીના જીવનનો અભ્યાસ કરતાં એવું લાગે છે કે એમના જીવનમાં ત્રણ ગુણો બીજ રૂપે રહ્યા છે :

(૧) સત્યની ઝંખના
(૨) સેવાવૃત્તિ અને
(૩) સમદૃષ્ટિ.

આ ત્રણ વિશિષ્ટ ગુણો આરંભથી જ ગાંધીજીના જીવનમાં બીજ રૂપે રહ્યા છે. એમના એ ગુણોનાં પોષણ અને સંવર્ધનમાં જે બાબતોએ અસર કરી છે એ ત્રણ બાબતો છે :

(૧) ગાંધીકુળની ધાર્મિક પરંપરા,
(૨) માતાપિતાના સંસ્કાર અને
(૩) જ્યાં ગયા અને રહ્યા ત્યાંની પરિસ્થિતિ અને વાતાવરણ.

ગાંધીજીને મૂલવીએ ત્યારે એના બીજરૂપ ગુણોને યાદ રાખવા પડશે. અથવા તો એમ કહીએ કે ગાંધીજીના જીવનમાંથી પસાર થઈએ ત્યારે આપણને ઊડીને આંખે વળગે તેવા ત્રણ બીજરૂપ ગુણો હશે... સત્યની ઝંખના, સેવાવૃત્તિ અને સમદૃષ્ટિ. બીજરૂપ ગુણ

હોય પણ તેનું પોષણ કરવું જરૂરી બનતું હોય છે. અને એના માટે પોષકતત્ત્વો આપણને વારસાગત રીતે મળતાં હોય છે. મને સમજાયું છે કે, જ્યારે અસ્તિત્વ એવું નક્કી કરે છે કે જેના જીવનમાં બીજરૂપ ગુણો અતિ ઉત્તમ કક્ષાના મૂક્યા છે તે ગુણોનું પોષણ કરવા માટે એને એ પ્રકારનું વાતાવરણ પણ જોઈશે. પ્રસિદ્ધ લેખક પાઉલો કોએલોનું બહુ જ જાણીતું સર્જન છે 'અલ્કેમિસ્ટ', જેનું ગુજરાતી થયું છે, 'કીમિયાગર'.. એમાં એક સીધીસાદી વાત છે કે, તમે મનોમન, નિષ્ઠાપૂર્વક કોઈ એક વાતને પુરવાર કરવામાં અથવા જીવંત કરવામાં લાગી જાઓ છો ત્યારે બ્રહ્માંડની બધી જ શક્તિઓ તમને એમાં પૂરેપૂરો ટેકો કરે છે, સહયોગ આપે છે. એટલે ગાંધીજીના જીવનમાં જે ત્રણ બીજરૂપ તત્ત્વો હતાં એ ત્રણને ટેકો કરવા માટે અને એ ગુણોનું પોષણ કરવા માટે ત્રણ એવી અવસ્થાઓ આવી એમના જીવનમાં. અને એ અવસ્થા એટલે ગાંધીકુળની પરંપરા, માતાપિતાના સંસ્કારો અને જ્યાં ગયા, જ્યાં રહ્યા ત્યાંની પરિસ્થિતિ અને ત્યાંનું વાતાવરણ. આ ત્રણ બાબતો એટલી અનુકૂળ થઈ કે ગાંધીજીવન એવો શબ્દ બોલીએ છીએ ત્યારે એનું ઘડતર આ ત્રણ + ત્રણમાંથી થયેલું દર્શાય છે.

આપણે જરા ઊંડાણથી વાત કરીએ. ગાંધીજીના દાદા ઉત્તમચંદ ગાંધી. આપણે એને ઓતાબાપા કહેતા. આ ઓતાબાપામાં ત્રણ ગુણધર્મો : એ સત્યપ્રિય, નીડર અને નિર્લોભી. ઘરમાં કૃષ્ણભક્તિ છતાં ઓતાબાપા રામાનંદના એક ખાખી સાધુના સત્સંગથી રામભક્ત બન્યા હતા અને ઘણોખરો સમય એમણે રામકથાશ્રવણમાં વિતાવ્યો. અહીં જોવાની ખૂબી છે કે તમે કૃષ્ણભક્ત હો તેમ છતાં તમે અન્ય કોઈ અવતાર પુરુષની વાત સાથે જીવનને જોડી શકો એ તમારી ઓપનનેસ છે.

દાદા પછી વાત કરીએ પિતા ક. બા. ગાંધી - કરમચંદ ગાંધીની. એમાં ત્રણ ગુણધર્મો : તીક્ષ્ણ બુદ્ધિ, સત્યપ્રીતિ અને બહાદુરી. તીક્ષ્ણ બુદ્ધિ એટલી જોરદાર, સત્ય પ્રત્યેનો પ્રેમ એટલો લાગલગાટ અને સત્ય કહેવામાં જોઈતી બહાદુરીના આધારે ક.બા.ગાંધીનું જીવન ઘડાયું. ધર્મ પ્રત્યેની જિજ્ઞાસા તેઓની તીવ્ર હતી. પરિણામે સાધુ-સંતો અને સત્‌ચરિત્ર વિદ્વાનોનો સંગ કાયમ તેઓ કરતા રહ્યા. આખી રાજ્યવ્યવસ્થાનું કામ તેઓ સંભાળતા હતા એટલે પૂરો સમય વ્યસ્ત રહે છતાં પણ નિયમિત દોઢ-દોઢ કલાક અવશ્ય તેઓ કથાશ્રવણ કરતા. શ્રીમદ્ ભાગવત, તુલસીકૃત રામાયણ અને શ્રીમદ્ ભગવદ્ ગીતા – આ તેમના ત્રણ પ્રિય ગ્રંથો હતા. એ પાંચ જ ધોરણ ભણેલા. પણ તમે શું ભણો છો એનાથી કોઈ અર્થ નથી સરતો. તમારી અંદરથી કેટલું કોળવાનું શક્ય બને છે તેના ઉપર જીવનઆધાર રહેલો છે.

દાદા અને પિતા પછી આપણે માતાશ્રી પૂતળીબાઈની વાત કરીએ તો એ એક આદર્શ ગૃહિણી. સૌ જમી લે પછી જમે, વધેલું હોય તે જમે... એ માતા પૂતળીબાઈ. ગરીબ અને બીમારની સેવા કરવી એમનો આત્મીય શોખ. આશ્ચર્ય થાય... જીવનમાં ક્યારેય નવાં કપડાં કે નવાં ઘરેણાંની એમને ઇચ્છા થઈ નહોતી. મહાત્મા ગાંધી માતાના આ ચરિત્રથી એટલા બધા પ્રભાવિત થયા કે એમના જીવન ઉપર સ્થાયી પ્રભાવ માતાનો એવો તો પડ્યો કે એમણે ખુદે કહ્યું, "મારામાં કશી પવિત્રતા જોતા હો તો તે મારા પિતાની નથી પણ માતાની છે. એમની પવિત્રતાની છાપ હંમેશને માટે મારી ઉપર રહી ગઈ છે." ગાંધીજીના જીવનમાં જોવા મળતો અણીશુદ્ધ આત્મશુદ્ધિનો આગ્રહ, આત્મસાક્ષાત્કારની તીવ્ર ઝંખના, નાનાં મોટાં વ્રતો દ્વારા જીવનને ઘડવાની અખૂટ શ્રદ્ધા, માંદા અને કોઢિયાની સેવા કરવાનો સહજ પ્રેમ અને જાતે કષ્ટ વેઠીને પણ અન્યને સુખી કરવાની કરુણાશીલતાના ગુણો એ ગાંધીજીને સાધ્વી માતાના સંસ્કારોમાંથી મળેલું પરિણામ હતું, એમ તેઓ પ્રેમપૂર્વક સ્વીકારે

છે. ગાંધીજીને કેટલીક બાબતોમાં પારંગત એવાં માતા સામે એક નાનકડો વિરોધ હતો. આ સાધ્વી માતા રૂઢિવશ અસ્પૃશ્યતા પાળતાં હતાં. આ બાબતમાં કોઈ કોઈ વાર એમને માતા સાથે બોલાચાલી પણ થઈ જતી. પોતાનાં બાળકો પાસે એ કેટલીક રૂઢિઓનું બહુ ચોક્કસ પાલન કરાવતા અને એમાં અસ્પૃશ્યતા માટે તો તેઓ બહુ જડ હતાં. પોતાને ત્યાં મેલું સાફ કરવા આવનાર અંત્યજ ઉકાને ન અડવા તે મોહનદાસને સમજાવતાં અને અડી જવાય તો આભડછેટ દૂર કરવા નહાવાનું કે કોઈ મુસલમાનના અંગરખાને અડી લેવાનો હુકમ કરતાં. માતૃભક્ત મોહન માતાના હુકમનું પાલન તો કરી લેતો પરંતુ એમનું હૃદય તો એમનો વિરોધ જ કરતું. કોઈ કોઈ વાર તે માતા સાથે મીઠો ઝઘડો કરતા અને કહેતા કે ઉકાને ન અડવામાં કોઈ ધર્મ નથી. અને કોઈ ધર્મ હોઈ પણ ન શકે. એ પછી ઘરમાં ધાર્મિક શિક્ષણ આપનાર બ્રાહ્મણ પાસે જ્યારે તેઓએ શ્રીરામરક્ષા અને શ્રીવિષ્ણુપંચકના સ્તોત્રો શીખ્યા ત્યારે 'જલે વિષ્ણુ સ્થળે વિષ્ણુ'સ્તોત્ર બોલતા મોહનદાસના બાળમનમાં પ્રશ્ન થયો કે, ભગવાન જો સર્વત્ર હોય તો ઉકામાં શા માટે ન હોય ? એમને એ વસ્તુની પણ મૂંઝવણ થઈ કે રામરક્ષાના સ્તોત્રથી જો ભૂત વગેરેનું નિવારણ થઈ શકે તો અછૂતના સ્પર્શથી થતા પાપનું નિવારણ શા માટે ન થઈ શકે ?

મોહનદાસ કરમચંદ ગાંધીના જીવનમાં એક પછી એક ઘટના એવી બનતી ગઈ કે તેમનો સંસ્કૃતિબોધ આપોઆપ ઘડાતો ગયો. ધર્મ, વ્યવહારો વગેરે માટેની આચારસંહિતા પણ એમાંથી ઘડાઈ ગઈ. ગાંધીજી નાનપણમાં ભૂત-પ્રેત આદિથી ડરતા હતા. અને એ ભયમાંથી બચવાની ઔષધિ રૂપે એમની આઈ રંભામાએ એમને રામનામનો મંત્ર આપ્યો હતો. બાળસુલભ શ્રદ્ધાથી મોહને એને અપનાવ્યો અને તેનો જાપ શરૂ કર્યો. અલબત્ત એ ઝાઝો વખત ટક્યો નહીં પણ બાળપણમાં રોપાયેલું રામનામનું એ બીજ ગાંધીના આગળના જીવનમાં અંકુરિત થઈ વિશાળ વટવૃક્ષમાં પરિણમ્યું અને તેમના વ્યક્તિગત જીવનમાં સર્વ ઝંઝાવાતો ને બધી કસોટીઓમાં એકમાત્ર પ્રેરક ને ધારક બળ બન્યું. એમનો યશ તે પોતાની ભલીભોળી રંભા આઈને આપે છે. જાણવાનું એ છે કે આ ચાર પાત્રો જેની હમણાં આપણે ચર્ચા કરી, પહેલા દાદા ઓતાબાપા, બીજા પિતાશ્રી ક. બા. ગાંધી, માતાશ્રી પૂતળીબાઈ અને ચોથા રંભા આઈએ જાણ્યે-અજાણ્યે ગાંધીજીનું સંસ્કારઘડતર કર્યું. જોવાની ખૂબી એ છે કે 'સત્યના પ્રયોગો'ની અંદર આ રંભા આઈ અંગે ગાંધીજીએ એવું એક વિધાન કર્યું કે, 'એમણે મને રામનામ લેવાનું કહ્યું કે જેથી કરીને અંધકારમાં મને ડર ન લાગે તે વાત મને સાચી લાગી. પણ એ વખતે મારો ભરોસો રામનામ કરતા રંભા આઈમાં ઝાઝો હતો. એટલા માટે પછી રામનામ ઝાઝું ટક્યું નહીં.' નિખાલસતાની અને પ્રમાણિકતાની હદ ઓળંગીને આટલું સત્ય ગાંધી જ કહી શકે. એક પછી એક એવા બનાવો બનતા ગયા કે આ ચાર પાત્રો એમના જીવનમાં સંસ્કૃતિનો પાયો નાખવા માટે અને સંસ્કારનું બીજારોપણ કરવા માટે આધારભૂત બન્યાં; તો કેટલીક ઘટનાઓ પણ એવી બની કે એ ઘટનાએ આ બીજના અંકુરને સૂર્યપ્રકાશનું કે જળાભિષેકનું કામ કર્યું.

હિંદુ ધર્મની પૌરાણિક કથાઓ હજારો વર્ષોથી હિંદુ બાલમાનસ પર ધાર્મિક સંસ્કરોનું સિંચન કરતી આવી છે, એ કથાઓ પૈકી શ્રવણ અને હરિશ્ચન્દ્રની કથાઓએ મોહનદાસના બાળમાનસ ઉપર ઊંડી છાપ પાડી. એમના પિતાશ્રીએ એક નાટક ખરીદેલું, 'શ્રવણ-પિતૃભક્તિ'. એ નાટક મોહનદાસે બાળવયે વાંચ્યું. હવે એ વાંચતી વખતે જ એક ઘટના બની. એ દિવસોમાં કાચમાં ચિત્ર દેખાડનારા પાસે શ્રવણ પોતાનાં માબાપને કાવડમાં

બેસાડીને યાત્રા કરવા લઈ જાય છે, એ એમણે જોયું. આ બંને વસ્તુની એમના ઉપર જબરી અસર થઈ. એમણે નોંધ્યું છે કે, 'જગતમાં માબાપનો પ્રેમ મેં જેવો જાણ્યો છે એવો કોઈએ નહીં જાણ્યો હોય એ બાબતમાં મારો દાવો છે. જગતમાં કોઈ મારા કરતાં મા કે બાપને વધારે ચાહનારો છે એમ કહેવામાં આવે તો હું કહું કે તેને મારી પાસે લાવો... હું જરા જોઈ લઉં.' આ વાત મહાદેવભાઈની ડાયરીમાં નોંધવામાં આવી છે. હવે 'શ્રવણ-પિતૃભક્તિ' નાટક એમણે વાંચ્યું અને 'હરિશ્ચન્દ્ર' નાટક એમણે જોયું. એ નાટકમાં એમણે એવું જોયું કે, સત્યને હરિશ્ચન્દ્રની જેમ જે જીવી બતાવે તે સાચા માણસ કહેવાય. ત્યારથી એમને ધૂન ચડી ગઈ કે સત્ય એકલું પૂરતું નથી પણ સત્યને જીવનમાં ઉતારીને વ્યવહારમાં સ્થાપિત કરી બતાવવું જોઈએ તો જ સાચું કહેવાય આ વાત એમના મન ઉપર સવાર થઈ ગઈ. ત્રીજી એ સમયની એક ઘટના એવી બની કે જે ઘટના વિશે ઘણાબધા લોકોને જાણીને આશ્ચર્ય થશે. તુલસીકૃત રામાયણ પોતાના પિતાની છેલ્લી માંદગી સમયે એમણે લાધા મહારાજના ખૂબ મીઠા સ્વરે સાંભળ્યું. ભક્તિભાવમાં તરબોળ બનીને તુલસીકૃત રામાયણ સાંભળવા અને ગાઈ સંભળાવવા એ સાથે બેસી જતા. એમણે મુગ્ધ ભાવે આ સાંભળ્યું અને લખ્યું કે, 'રામાયણ-શ્રવણ મારા રામાયણ પરના અત્યંત પ્રેમનો પાયો છે.' (આ વિધાન 'આત્મકથા'ના પૃષ્ઠ ૩૧ પર નોંધ્યું છે.). હવે એ જ સમયે રાજકોટમાં ભાગવતની કથા પણ એમણે સાંભળી પણ કથાકાર બહુ રસ પેદા ન કરી શક્યા એટલે એ વખતે એમના પર બહુ અસર ન થઈ. અહીં એ પણ નોંધવા જેવું છે કે કથા સાથે કથાને કહેનાર કથાકારની શૈલી બહુ મહત્ત્વની છે. મોહનદાસ ગાંધીને એ સમયે કથા કરતાં કથાકારની શૈલી ન જચી એથી ભાગવતની અસર ન થઈ. પરંતુ મહાત્મા ગાંધીના ૨૧ દિવસના ઉપવાસ દરમ્યાન મદનમોહન માલવિયાજી જેવા ભગવત-ભક્તને મુખેથી ભાગવતના કેટલાક ભાગો સાંભળ્યા પછી એમને પ્રતીતિ થઈ કે ભાગવત એવો ગ્રંથ છે કે જે વાંચીને ધર્મરસ ઉત્પન્ન કરી શકાય. 'શ્રવણ-પિતૃભક્તિ' નાટક, ત્યારબાદ 'હરિશ્ચન્દ્ર' નાટક, ત્યારબાદ 'તુલસીકૃત રામાયણ', ત્યારબાદ 'ભાગવત કથા' અને પછી 'મનુસ્મૃતિ'. પિતાના પુસ્તક ભંડારમાંથી મનુસ્મૃતિનું ભાષાંતર એમને હાથ લાગ્યું. એમણે વાંચી કાઢ્યું પણ એની બહુ અસર ન થઈ. એમનાં વાંચનથી નીતિ શબ્દ અને નીતિ અર્થ ઉપરની આસ્થા ગાઢ બની ખરી અને 'આખું જગત નીતિ ઉપર નભેલું છે' એ સત્ય સમજાયું, ત્યારથી નીતિ ઉપરની શોધનો આરંભ થયો. પણ 'મનુસ્મૃતિ' એ સમયે એમના ઉપર કોઈ મોટી અસર કરી ન શક્યું. આ વાતના સંદર્ભમાં એક બીજી સુંદર મજાની અસર થઈ એ અસર આપણે નોંધવી જોઈએ.

નીતિનું ચિંતન ચાલતું હતું એ જ સમયે કવિ શામળનો નીતિવિષયક એક છપ્પો મોહનદાસના વાંચવામાં આવ્યો. હવે અહીંયાં કલ્પના એ નોંધવા જેવી છે કે એક પુસ્તક કે એક નાટક જેટલી અસર કરી શકે એટલી એક છપ્પો પણ અસર કરી શકે. એ કવિ શામળનો છપ્પો એમણે વાંચ્યો અને એના મન ઉપર ઊંડો પ્રભાવ પડ્યો. ગાંધીજી આત્મકથાના પૃષ્ઠ ૩૭ પર લખે છે કે, એ છપ્પાએ મારા ઉપર સામ્રાજ્ય ચલાવવું શરૂ કર્યું. અપકારીનું ભલું ઇચ્છવું અને કરવું એ મારો અનુરાગ થઈ પડ્યો એના અગણિત અખતરા આદર્યા. કયો હતો એ છપ્પો ? અહીં એ છપ્પાની પણ આપણે નોંધ લઈએ.

*પાણી આપને પાય, ભલું ભોજન તો દીજે;*
*આવી નમાવે શીશ, દંડવત કોડે કીજે.*

આપણ ઘાસે દામ, કામ મહોરોનું કરીએ;
આપ ઉગારે પ્રાણ, તે તણા દુ:ખમાં મરીએ.
ગુણ કેડે તો ગુણ દશ ગણો, મન, વાચા, કર્મે કરી;
અવગુણ કેડે જે ગુણ કરે, તે જગમાં જીત્યો સહી.

શામળ કહે છે કે, અવગુણની સામે તમે જો ગુણ કરી બતાવો તો જ તમે જગતને જીત્યા બરાબર ગણવું જોઈએ. આ કવિ શામળના નાનકડા છપ્પાની એમની ઉપર અસર થઈ.

આમ, આપણે તારવ્યું કે ગાંધીજીવન ઘડવામાં મૂળ ત્રણ ગુણો અને ત્રણ ગુણોને સહયોગ કરે તેવું પોષણતત્ત્વ પણ ગુણોમાં મળ્યું, જીવનનાં ચાર એવાં એવાં પાત્રો કે જેણે જીવનને ઘડવામાં મોટો ભાગ ભજવ્યો અને આ જીવનપાત્રો ઉપરાંત જેની ખૂબ મોટી અસર થઈ. એ મોટામાં મોટી અસર 'શ્રવણ-પિતૃભક્તિ' નાટક, 'હરિશ્ચન્દ્ર' નાટક, 'તુલસીકૃત રામાયણ', 'ભાગવત કથા', 'મનુસ્મૃતિ' અને 'કવિ શામળનો નીતિવિષયક છપ્પો' આટલી વાત ગાંધીના જીવનમાં સંસ્કૃતિબોધને સ્થાયી કરવા માટે પર્યાપ્ત બની રહી.

ગાંધીજીના જીવનમાંથી સાંસ્કૃતિક બોધને તારવવા માટે થઈને ગાંધીજીએ પોતે લખેલા કે ઉચ્ચારેલા કેટલાંક સુવિચાર જેવાં વાક્યો આપણને ઘણો ટેકો કરી શકે એમ છે.

૪ ડિસેમ્બર, ૧૯૨૪ના 'યંગ ઇન્ડિયા'માં ગાંધીજી નોંધે છે કે, 'એક માણસની આધ્યાત્મિક ઉન્નતિ થાય અને તેની આસપાસના માણસો દુ:ખમાં સબડ્યા કરે એમ હું માનતો નથી. હું અદ્વૈતમાં માનું છું, હું માનવજાતની બલ્કે જીવમાત્રની મૂળગત એકતામાં માનું છું, આથી હું એમ માનું છું કે જો એક માણસની આધ્યાત્મિક ઉન્નતિ થાય તો તેની સાથે આખી દુનિયાની આધ્યાત્મિક ઉન્નતિ થાય. અને જો એક માણસનું આધ્યાત્મિક પતન થાય તો તેટલે અંશે આખી દુનિયાનું પતન પણ થાય.'

'ધર્મમંથન'ના પૃષ્ઠ ૨૨ અને ૨૩ ઉપર તેઓ નોંધે કે, 'શાસ્ત્રો વાંચવાની અને સમજવાની ચાવી મને હાથ લાગી છે. જે શાસ્ત્રવચન સત્યનું, અહિંસાનું, બ્રહ્મચર્યનું વિરોધી હોય તે ગમે ત્યાંથી મળ્યું હોય છતાં એ અપ્રમાણ છે. શાસ્ત્ર બુદ્ધિથી પર નથી. બુદ્ધિગ્રાહ્ય ન હોય તે શાસ્ત્રને આપને પડતાં મેલી શકીએ છીએ.' સંસ્કૃતિમાં કઈ બાબતોનો સ્વીકાર અને કઈ બાબતોનો અસ્વીકાર એની આટલી નિખાલસ વ્યાખ્યા ગાંધી સિવાય કોઈ આપી ન શકે.

'હરિજનબંધુ'ના ૧૯૩૬ના ૬ ડિસેમ્બરના અંકમાં એક નાનકડી વાત પણ બહુ જ પથદર્શનવાળી વાત : 'હું દરેક ધર્મશાસ્ત્ર વિશે તેમજ ગીતા વિશે પણ મારી બુદ્ધિ ચલાવું છું. શાસ્ત્રવચનને મારી બુદ્ધિની જગા લેવા દેતો નથી.' એટલે કે શાસ્ત્રનું વચન છે એટલે તમારો વિવેક એક બાજુ મૂકો કે તમારી કરુણા એક બાજુ મૂકો એમાં ગાંધીજી માનતા નથી.

'ગાંધી : જીવન અને વિચાર' નામના એક પુસ્તકમાં ૩૨૪મા પૃષ્ઠ ઉપર તેઓ બહુ જ સ્પષ્ટ રીતે આપણને વાત કરે છે. 'જે માણસ ઈશ્વરને તત્ત્વ રૂપે ઉપાસતો હોય તેને મૂર્તિ કે મંદિરની જરૂર ન હોય,' તેમ છતાં માણસ સ્વભાવે મૂર્તિપૂજક છે એટલે ગાંધીજી કહે છે કે, મૂર્તિપૂજા પ્રત્યે મારી અનાસ્થા નથી. મૂર્તિ મારા મનમાં કશો પૂજ્યભાવ પણ પેદા કરતી નથી. છતાં હું માનું છું કે મૂર્તિપૂજા એ મનુષ્યસ્વભાવનું એક અંગ છે. પ્રાર્થનામાં સાકાર મૂર્તિનો મેં નિષેધ નથી કર્યો. નિરાકારને ચડતું સ્થાન મેં અવશ્ય આપ્યું છે.'

આપણે ગાંધીજીના જીવનમાંથી મૂલ્યબોધ મેળવવા માટેની કવાયત કરી રહ્યાં હોઈએ ત્યારે આ બધાં વિધાનો બહુ મોટું પથદર્શન કરે છે.

જવાહરલાલ નેહરુએ બહુ જ સુંદર વાત ગાંધીજીની ઓળખ માટે કહેલી. એમણે કહ્યું કે, 'આ બોખા મોઢાવાળા મહાત્માની વાતો આજે આપણને ખોખલી લાગે તેમાં એ બોખા મોઢાનો દોષ નથી. આપણી વિપથગામી મનોવૃત્તિનો દોષ છે.' જવાહરલાલે આ વાત કહેતાં એમની આત્મકથામાં ખોટું નથી કહ્યું કે, 'મહાત્માજીનું હાસ્ય જોવાનું સૌભાગ્ય જેને મળ્યું નથી તે મહાત્માજીને ઓળખતો નથી.' જ્યાં સુધી સંકલ્પનાની સ્પષ્ટતા અથવા વિચારની સ્પષ્ટતાની વાત કરીએ તો સાંસ્કૃતિક દૃષ્ટિએ ગાંધીજીથી ઉચ્ચ વ્યક્તિ આપણને સમાજ-જીવનમાંથી મળવી મુશ્કેલ છે.

મહાદેવભાઈ ગીત ગાતા હતા : 'મીરાંબાઈ બલિહારી', ત્યાં ગાંધીએ વચ્ચે કહ્યું, 'હું આમાં નથી માનતો. તું માને ખરો ?' મહાદેવભાઈએ કહ્યું, 'હા, હું માનું.' વિનોબાજીને પૂછ્યું, 'મીરાંબાઈ તે આવું ગાતા હશે ?' ગાંધી કહે, 'અંદરનો અવાજ આવે તો જ હું તો ઉપવાસ કરું તેના સિવાય ન કરું.' વિનોબાજીએ તરત જ સ્પષ્ટ કહ્યું, 'તમને ઉપવાસ કરતી વખતે અંદરનો અવાજ સંભળાય છે, તો મીરાંને કેમ ન સંભળાય ?' આવી નિખાલસ ટકોર ગાંધીજી સમક્ષ તમે કરી શકો અને છતાં ગાંધીજી સાથે તમે રહી શકો ત્યારે ગાંધીના જીવનના સંસ્કૃતિબોધની વાત જાણી શકો અથવા સમજી શકો.

એક પ્રસંગ મારે નોંધવો છે. 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'માં મહાદેવભાઈ દેસાઈ વિશેની જીવનવાત નારાયણ દેસાઈએ લખી છે, એ પુસ્તકમાંથી આ પ્રસંગ છે, જે હું યાદદાસ્તના આધારે કહું છું. ૧૫મી ઑગસ્ટ અને ૧૯૪૨નો સમય હતો. આગાખાન પૅલેસ પૂનાનો એ પ્રસંગ. મહાદેવભાઈએ કહ્યું, 'બાપુ, તમે આમરણાંત ઉપવાસ કરવાનું જે નક્કી કર્યું છે તે ન કરો તો ચાલે. તમે ઉપવાસ ન કરશો. તમને કંઈક થઈ જશે તો ?' ગાંધીજીએ જવાબ આપ્યો, 'તો શું કરું ? સ્વતંત્રતા મળતી નથી, અંગ્રેજો જતા નથી; મારી પાસે બીજો કોઈ રસ્તો નથી.' મહાદેવભાઈએ કહ્યું, 'ના બાપુ, પણ ઉપવાસથી તમારા જીવન ઉપર જોખમ વધશે.' ગાંધીએ તરત જ જવાબ આપ્યો, 'તું સાંભળ. તું મારો બાપ અને હું તારો દીકરો... લે ટુવાલ, મને નવડાવજે.' બીજે દિવસે મહાદેવભાઈ રૂમમાં હતા અને ડૉ. સુશીલા નૈયર તેમની પાસે ગયાં તો જોયું કે, મહાદેવભાઈ નિશ્ચેતન પડ્યા હતા. એમણે તપાસ્યા અને તેઓ બાપુ પાસે દોડ્યા અને કહ્યું : 'બાપુ, બાપુ, મહાદેવભાઈ ગયા. બાપુ, મહાદેવ તો ગયા.' મહાત્મા ગાંધીને ધ્રાસકો પડી ગયો... 'એમના ગયા પહેલાં તો મારે જવાનું હતું.' ગાંધીજી ત્યાંથી ઊભા પગલે મહાદેવભાઈના રૂમમાં પહોંચ્યા. યરવડા જેલનો એ કિસ્સો. બાજુમાં બેસીને કહેવા લાગ્યા, 'ઊઠો, મહાદેવ, ઊઠો..' આશ્ચર્ય થયું સૌને. ડૉ. સુશીલા નૈયરને વધુ આશ્ચર્ય થયું. એમને લાગ્યું કે આ સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ છે. એ આવું બોલે ? જ્યારે ખબર પડી ગઈ કે, એ નિશ્ચેતન છે તોપણ આવું બોલે કે 'ઊઠો, મહાદેવ, ઊઠો ?' ? એમણે ગાંધીજીને પૂછી નાખ્યું, 'તમે તો સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો અમને શીખવ્યાં છે અને તમે આવું કેમ કર્યું ?' ગાંધીજીએ જે જવાબ આપ્યો તેમાં એનો સાંસ્કૃતિક સિંહફાળો આપણને જોવા મળે છે : "તને ખબર નથી મહાદેવ ૨૫ વર્ષનો હતો, ત્યારે મારી પાસે આવેલો. કોઈ દિવસ એણે મારી આજ્ઞા ઉથાપી નથી. મેં બોલાવ્યો અને એણે જવાબ આપ્યો છે, એટલે મને લાગ્યું કે, હું પોકારી જોઉં, કદાચ ઊંડે ઊંડે જીવ હશે તો હું કહીશ કે 'ઊઠો, મહાદેવ, ઊઠો' તો એ જરૂર ઊઠશે."

(ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી સાંદિપની, પોરબંદર ખાતે યોજાયેલ સંસ્કૃતિચિંતન-૨૦૨૩માં આપેલ વ્યાખ્યાન)